# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૭૯ તા.૨૦-૩-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- કુદરતી આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત ધો.૬ થી ૮ની શાળાઓમાં ચિત્ર સ્પર્ધા યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે સ્કૂલ બોર્ડમાં અભ્યાસ કરતા બાળકો ભૂકંપ, પૂર કે આગ જેવી કુદરતી આપત્તિઓનો ભોગ ન બને તે અર્થે જાગૃતિ માટે ધો.૧ થી ૫ તથા ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ધો.૧ થી ૫ અને ધો. ૬ થી ૮નાં વિદ્યાર્થીઓને અત્રેથી આપવામાં આવેલી શાળાદીઠ ૩ કીટની સંખ્યાના પ્રમાણે જેને ચિત્રોમાં ખાસ રસ ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓ પાસે ચિત્રો દોરાવવા. આ કીટ તા.૨૪-૩-૧૫ના રોજ બીટ પટાવાળા પાસેથી એકત્ર કરી લેવી. આ ચિત્રોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપી શાળા દીઠ એટલે કે પસંદ કરેલ ત્રણ ચિત્રો જે તે ઝોન ઓફિસે મોકલી આપવાના રહેશે. ચિત્રકામનો વિષય 'કુદરતી આપત્તિઓ સામે જાગૃતિ' નો જ રાખવાનો છે. આ ચિત્ર આગામી તા.૨૫-૩-૧૫ના રોજ ૧ કલાકનો સમય આપી શાળા સમય દરમ્યાન દોરવાના રહેશે. ચિત્ર અંગેની ડ્રોઈંગશીટ, પેન્સિલ, રબર, કલર વગેરે શાળાદીઠ જે સેટ આપવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરવો. ચિત્રોમાં જમણી બાજુ ઉપર શાળાનું નામ, વિદ્યાર્થીનું નામ, ધોરણ વગેરે દર્શાવવાનું રહેશે.

આ ઉપરાંત શહેરકક્ષાએ પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને ટાગોર હૉલ ખાતે તા.૩૧-૩-૧૫ના રોજ મહાનુભાવોના હસ્તે પારિતોષિક વિતરણ કરવામાં આવશે. જેમાં ધો.૧ થી ૫ અને ધો. ૬ થી ૮માં પ્રથમ આવનારને રૂા.૨૦૦૦/-, દ્વિતીય આવનારને રૂા.૧૫૦૦/- તથા તૃતીય ક્રમે આવનારને રૂા.૧૦૦૦/- આપવામાં આવશે.

દરેક ઝોનલ આસિ.એ.ઓ.એ શાળા કક્ષાએથી બંને વિભાગમાં પ્રથમ ત્રણ ચિત્રો આવેલા હોય તે પૈકી પ્રથમ ત્રણ ચિત્રો પસંદ કરીને મુખ્ય ઓફિસે તા.૨૭-૩-૧૫ પહેલાં ડે.એ.ઓ.શ્રી ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદીને મોકલી આપવા.

તા.૨૦-૩-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી